# વાયુ વાવાઝોડા સામે  સરકાર, સમાજ અને મિડિયાનો સહિયારો પુરુષાર્થ

ગુજરાતના દરિયાકાંઠે ગત ચૌદમી જૂનના રોજ વાયુ નામનું વાવાઝોડું ટકરાશે તેવી માહિતી હવામાન ખાતા તરફથી મળતા જ તેનો સામનો કરવા માટે અને વાવાઝોડું ત્રાટક્યા પછી ઊભી થનારી પરિસ્થિતિને પહોંચી વળવા માટે કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર અને સમાજે હાથ મિલાવી આગોતરું આયોજન કર્યું જે ખરેખર દાદ માંગી લે તેવા પ્રયત્નો હતા. સરકારની વાત કરીએ એટલે સરકાર સાથે સીધી રીતે જોડાયેલા તેના વિભાગો કે તંત્ર, જયારે સમાજની વાત કરીએ એટલે બિનસરકારી એજન્સીઓ અને લોકો. બિનસરકારી એજન્સીની વાત કરીએ તો તેમાં ખાનગી કંપનીઓ અને મીડિયાની ભૂમિકા પણ ખૂબ જ મહત્વની રહી. વાવાઝોડાને ત્રાટકતું તો આપણે અટકાવી શકવાના ન હતા, પરંતુ વાવાઝોડું ત્રાટકે ત્યારે અને ત્યારબાદ કોઈ જ જાનહાનિ ના થાય અને ઓછામાં ઓછું નુકશાન થાય તે માટેના પ્રયત્નો સૌએ સાથે મળીને કર્યા. જે એક સુચારુ આયોજન અને સંવેદનશીલતાની અભિનંદનીય કામગીરી કહી શકાય. આ પ્રકારનું આયોજન આપણા રાજ્યમાં સૌ પ્રથમવાર જોવા અને જાણવા મળ્યું.  જે ભવિષ્યમાં આવનાર કુદરતી હોનારત વખતે આપણે કે અન્યને મદદરૂપ થશે જ.

વાવાઝોડાની અસર નીચે આવનાર લગભગ અઢી લાખથી વધુ જેટલા લોકોને પોતાનું ઘર છોડીને ચોક્કસ આશ્રય સ્થાને લઇ જવા, રાખવા એ નાની વાત નથી. લોકોને ઘર છોડીને જવા માટે સમજાવવા અને નાં સમજે તો દબાણપૂર્વક પણ હટાવવા તે કામગીરી આપણી સરકાર અને તેના તંત્રે લોકોની મદદ દ્વારા સારી રીતે નિભાવી. જેમાં જો સૌથી વધારે પસંશનીય કામગીરીનો ઉલ્લેખ કરવો હોય તો તે છે પ્રિન્ટ મીડિયા અને ડીજીટલ મીડિયા. સમાચારપત્રો અને ટીવી દ્વારા લોકો અને સરકારી તંત્ર સુધી સાચી માહિતી પહોંચાડીને આગોતરા આયોજનમાં ખૂબ જ સારી ભૂમિકા બજવવામાં આવી. આ વખતે મીડિયા એટલું તો હકારાત્મક રહ્યું હતું કે, લોકોમાં ખોટો ગભરાટ ના ફેલાય, પણ સાચા અર્થમાં જાગૃતિ આવે તેવા પ્રયત્નો સતત થતા રહ્યા. મોટાભાગની ટીવી ચેનલના કર્મચારીઓ પોતાનું ઘર અને શહેર છોડીને જ્યાં વાવાઝોડાની અસર થવાની હતી ત્યાં જીવના જોખમે પહોંચી ગયા. ત્યાંના દ્રશ્યો તાત્કાલિક પ્રસારિત કર્યા. અંગતરીતે સંવેદના સાથે લોકોને શું કરવું કે નાં કરવું તેની અપીલ કરવા લાગ્યા. મોબાઈલમાં થતા એસ.એમ.એસ. પણ ખૂબ જ હકારાત્મક રહ્યા. પરિણામ સ્વરૂપ આયોજનકર્તાને લોકો તરફથી સારો સહકાર મળ્યો, જેથી તંત્રનું કામ ઝડપી અને પરિણામલક્ષી બની શક્યું. સરકારના વિવિધતંત્રો વચ્ચે સારી એકતા જોવા મળી. વિવિધ તંત્રો- વિભાગો એક થઈને કામ અને સેવા કરતા હોય તેમ લાગ્યું. જેમકે આરોગ્ય, પોલીસ, મહેસૂલ, વીજળી, પાણી અને પૂરવઠો, શિક્ષણ, હવામાન ખાતું, સૈન્ય, એન.ડી.આર.એફ. – નેશનલ ડીઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ), સ્ટેટ ટ્રાન્સપોર્ટ વગેરે. અનેકાનેક તંત્ર ભલે અલગ અલગ હતાં, છતાં એક થઈને સામૂહિક જવાબદારી લઈને, નોકરીના ભાગરૂપે નહિ પણ સેવાના ઉદ્દેશથી જોડાયા. જે માટે સૌ કર્મચારીઓને અભિનંદન આપવા જ પડે.  અંતે વાવાઝોડાએ દિશા બદલી અને જે તે સમયે આવેલો ખતરો પણ ગયો. ધાર્યું નુકશાન ના થયુ એટલા માટે વાવાઝોડાનો અને ભગવાનનો આભાર.

સરકારી કર્મચારીઓ, લોક પ્રતિનિધિઓ, મંદિરના ભક્તો, સેવાભાવી સંગઠનો અને જાગૃત લોકોએ સૌએ આવનાર આપત્તિનો સામનો કરવા માટે પોતાનાથી શક્ય એટલો ફાળો આપ્યો. જે સુવિકસિત સમાજની નિશાની ગણી શકાય. વાયુ વાવાઝોડાને કારણે લોકોમાં જાગૃતિ આવી. તે બાબતને જો શિક્ષણ સાથે સરખાવીએ તો આવનાર પેઢી એટલેકે આજના યુવાનો અને બાળકોમાં પણ ખાસી જાગૃતિ આવી. જે માટે સમાચારપત્રો અને ટીવી ચેનલો એ મહત્વનો ભાગ ભજવ્યો હતો. જેમકે, વાવાઝોડું શા માટે ઉત્પન્ન થાય છે ?

વાવાઝોડાના નામ કેવી રીતે આપવામાં આવે છે ? કઈ દિશામાં કેટલી ઝડપથી આગળ વધે છે ? એટલી ઝડપે આગળ વધે તો દરિયાકાંઠે ક્યારે પહોંચે ? દરિયાકાંઠે અપાતા સિગ્નલનો અર્થ શું ? દરિયાકાંઠે ટકરાય તો કેવું અને કેટલું નુકશાન થઇ શકે ? આ નુકશાનથી બચવા વાવાઝોડાના ટકરાવ પહેલા અને પછી સરકારે અને લોકોએ કેવાકેવા પ્રયત્નો કરવા જોઈએ?ટૂંકમાં, આ વખતે સમાચારપત્રો અને ટીવી ચેનલોએ શિક્ષકનું કામ કર્યું એમ કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી. બાળકો અને યુવાનોને ભૂગોળના પાઠની સાથે, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, ગણિત પણ શીખવ્યું. આવી કુદરતી આપત્તિ માટેનું જ્ઞાન આજના વડીલ પાસે આ પૂર્વે જેટલું હતું તેના કરતા અનેકગણું જ્ઞાન આ વખતે વાયુ વાવાઝોડાના કારણે આજના બાળકોમાં અને યુવાનોમાં મીડિયાએ ખૂબ જ સારી રીતે પીરસ્યું.

આગોતરા આયોજન પાછળ આપણે આર્થિક ઘણું નુકશાન વેઠવું પડ્યું. પણ જ્યાં લોકોના જીવનું જોખમ હોય ત્યારે તેની સરખામણી ક્યારેય આર્થિક બાબત સાથે ના કરાય. આપણા ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટને પણ અભિનંદન આપવા પડે કે, વાવાઝોડા પૂર્વે તેમણે સાસણમાં સિંહોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા. એક વાત એવી પણ આવી કે, ઓડીસામાં આવેલા વાવાઝોડા સામે ત્યાની સરકારે જે પ્રયત્નો કર્યા હતા, તેની ખૂબ જ હકારાત્મક નોધ દેશ અને વિદેશમાં લેવાઈ હતી. તો તેની સામે ગુજરાતનું ખરાબ નાં દેખાય માટે આપણી સરકારે આટલા ગુણવત્તા સભર વધુ પ્રયત્નો કર્યા. આ બાબતને સ્વીકારીએ તો પણ ખોટું શું છે ? સરકાર જયારે કોઈ બાબતે અસરકારક કામગીરી કરે તો સ્વાભાવિક છે કે એ બાબતને લોકો સમક્ષ મૂકે જ. એમાં કશું ખોટું નથી કે નથી પ્રસિદ્ધિની વાત. કામ કર્યું છે તો લોકો સમક્ષ મૂકવામાં વાંધો શું ? જો અસરકારક કામ ના કર્યું હોય તો તેના માટે આપણે ટીકા કરીએ જ છીએ. તો અસરકારક સુંદર કામકાર્યું હોય તો તે માટે વખાણ કરીને પ્રોત્સાહન આપવું તે આપણા સૌની ફરજ છે. સમાજે સારા કે ખોટા કામનો અરીસો સરકારને બતાવવો જ જોઈએ. તો જ સરકાર વધુ સારું કામ કરી શકશે. ફરીથી કહેએ તો આ વખતે સમાચારપત્રો અને ટીવીની ભૂમિકા ખૂબ જ અદભૂત અને સુંદર રહી. તેમણે પણ સરકાર અને સમાજ બન્નેને સાથે કરવામાં મહત્વની ભૂમિકા ભજવી. બાકી જો મીડિયાનો આટલો સહકાર નાં મળ્યો હોત તો સરકારના લાખ પ્રયત્નો કરવા છતાં ધાર્યું પરિણામ મેળવી ના શક્યા હોત.

એક સારી બાબત એ પણ જોવા મળી કે, આપણા હવામાન વિભાગની આગાહી સાચી પડવાના નંબર વધવા લાગ્યા છે. છતાં એક બાબત ખેદ સાથે કબૂલવી જ રહી કે, આપણે ટેકનોલોજીમાં ઘણાં આગળ વધ્યા છીએ, આમછતાં હવામાનની આગાહી હજુ ચોક્કસ કરી શકતા નથી. આજે પણ આપણે આપણા હવામાન વિભાગ કરતા ગૂગલ પર વધુ વિશ્વાસ રાખીએ છીએ. અહી એક ઉદાહરણ આપવાનું રોકી શકતો નથી. આજથી બે વર્ષ પૂર્વે હું ઓસ્ટ્રેલિયાના મેલબર્નમાં હતો. સવારે નવ વાગ્યા આસપાસ હું મેલબર્નમાં ફરવા માટે નીકળી ગયેલો. બપોરના બાર વાગ્યા આસપાસ મારા દીકરાનો ફોન આવ્યો કે, પપ્પા, સાંજના ચાર વાગ્યા પહેલા ઘેર પહોંચી જજો. સવાચાર વાગે આપણા વિસ્તારમાં વરસાદ આવવાનો છે. સાથે થોડો પવન પણ ફૂકાશે. તમે હેરાન નાં થાવ એટલે ચાર વાગ્યા સુધીમાં ઘેર પહોંચી જશો જ. બન્યું એમ કે, હું સવાચાર વાગે જ ટ્રેનમાંથી ઉતર્યો અને પ્લેટફોર્મની બહાર નીકળ્યો, ત્યાં જ વરસાદ શરૂ થઇ ગયો! પરદેશમાં આજે પણ લોકો આગલી સાંજે બીજા દિવસના હવામાનની પરિસ્થિતિ જોઇને જ જરૂરી પૂર્વ તૈયારી સાથે જ ઘર બહાર નીકળે છે. વરસાદ આવવાનો હોય તો છત્રી લઈને જ નીકળે છે. અને હવામાન વિભાગે આગાહી કરી હોય તો વરસાદ આવે જ. આપણા દેશમાં મોટા ભાગની આગાહી ખોટી પડે છે, જયારે પરદેશમાં મોટાભાગની આગાહી સાચી પડે છે. આમછતાં ટેકનોલોજી અને શિક્ષણને કારણે હવે આપણા ત્યાં આગાહી સાચી પડવાની સંખ્યા વધવા લાગી છે, પણ હજુ સો ટકા ચોક્કસ નથી, તે સ્વીકારવું જ રહ્યું.